**FORM A**
**PUBLIC ANNOUNCEMENT**
(Under Regulation 6 of the Insolvency and Bankruptcy Board of India
(Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

## FOR THE ATTENTION OF THE CREDITORS OF
## RAJESHWARI COTSPIN LIMITED

| RELEVANT PARTICULARS | | |
|---|---|---|
| 1. | Name of corporate debtor | **Rajeshwari Cotspin Limited** |
| 2. | Date of incorporation of corporate debtor | 13th February 2013 |
| 3. | Authority under which corporate debtor is incorporated / registered | ROC Ahmedabad |
| 4. | Corporate Identity No. / Limited Liability Identification No. of corporate debtor | U17200GJ2013PLC073545 |
| 5. | Address of the registered office and principal office (if any) of corporate debtor | 1. A-5, Shilpgram Siddhi Bungalow, Opp. Rajbhavan Bungalow, Near Suryam Flora, Nikol, Ahmedabad, Ahmedabad, Gujarat, India, 382350<br>2. Survey No. 309, At- Dharisana Village, Dahegam- Rakhiyal Road, Ta. Dahegam, Dist. Gandhinagar- 382315 |
| 6. | Insolvency commencement date in respect of corporate debtor | 17th September 2025 (Order dated 17th September 2025 downloaded online from portal on 20th September 2025) |
| 7. | Estimated date of closure of insolvency resolution process | 16th March 2026 |
| 8. | Name and registration number of the insolvency professional acting as interim resolution professional | CA Malav Jitendra Ajmera<br>Reg No.:<br>IBBI/IPA-001/IP-P01190/2018-2019/11908 |
| 9. | Address and e-mail of the interim resolution professional, as registered with the Board | A/8, 6th Floor, Safal Profitaire, Corporate Road, Prahladnagar, Ahmedabad, Gujarat-380015<br>**Email Id:** malav.ajmera@maassociates.co.in |
| 10. | Address and e-mail to be used for correspondence with the interim resolution professional | A/8, 6th Floor, Safal Profitaire, Corporate Road, Prahladnagar, Ahmedabad, Gujarat- 380015<br>Email Id: cirp.rajeshwaricotspin@gmail.com |
| 11. | Last date for submission of claims | 6th October 2025 |
| 12. | Classes of creditors, if any, under clause (b) of sub-section (6A) of section 21, ascertained by the interim resolution professional | Not Applicable |
| 13. | Names of Insolvency Professionals identified to act as Authorised Representative of creditors in a class (Three names for each class) | Not Applicable |
| 14. | (a) Relevant Forms and<br>(b) Details of authorized representatives are available at: | a) https://ibbi.gov.in/uploads/downloads<br>b) Not Applicable |

Notice is hereby given that the National Company Law Tribunal, Ahmedabad has ordered the commencement of a corporate insolvency resolution process of the Rajeshwari Cotspin Limited on 17th September 2025.

The creditors of Rajeshwari Cotspin Limited are hereby called upon to submit their claims with proof on or before 6th October 2025 to the interim resolution professional at the address mentioned against entry No. 10.

The financial creditors shall submit their claims with proof by electronic means only. All other creditors may submit the claims with proof in person, by post or by electronic means.

Submission of false or misleading proofs of claim shall attract penalties.

Date: 22nd September 2025
Place: Ahmedabad

IRP Name : **CA Malav Jitendra Ajmera**

**Size: 8w x 16h cm**

**22nd Sep 2025**

**For 23rd Sep 2025**

SCના વચગાળાના હુકમના સંદર્ભમાં FRCની શિક્ષણ વિભાગને તાકીદ

# ખાનગી સ્કૂલોની લૂંટ સામે શિક્ષણ વિભાગ ઘોર નિદ્રામાં, FRCએ કહ્યું પરિપત્ર કરો

## નિયત ફી ઉપરાંત ટર્મ ફી અને એડમિશન ફી વસૂલતી સ્કૂલો પર હજુ સુધી રોક નહીં

### SCનો સ્પષ્ટ હુકમ, ખાનગી સ્કૂલો FRCએ નક્કી કર્યા કરતાં વધુ ફી નહીં વસૂલી શકે

| અમદાવાદ |

ખાનગી શાળાઓ ફી નિર્ધારણ સમિતિ (FRC) દ્વારા નક્કી કરાયેલી ફીની રકમ કરતાં વધુ રકમની માગણી કરી નહીં શકે એવો તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ અમદાવાદ સહિત રાજ્યની મોટાભાગની ખાનગી સ્કૂલો એડમિશન અને ટર્મ ફીના નામે લૂંટ ચલાવતી હોવાની અવારનવાર ફરિયાદો ઊઠતી હોવા છતાં રાજ્યનું શિક્ષણ વિભાગ ઘોર નિદ્રામાં જોવા મળ્યું છે. કારણ કે, સુપ્રીમના ચુકાદા બાદ ફી વસૂલવા અંગેની સ્પષ્ટતા કરતો પરિપત્ર કરવાની શિક્ષણ વિભાગ દ્વારા તસદી સુદ્ધા લેવામાં આવી નથી. આથી અમદાવાદ ઝોનની FRCએ શિક્ષણ વિભાગને પત્ર પાઠવી જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટના વચગાળાના હુકમને વંચાણે લઈ ફી ઉઘરાવવાના મુદ્દે એક પરિપત્ર કરવામાં આવે.

ફી નિર્ધારણ કાયદા અંતર્ગત નિમાયેલી ફી રેગ્યુલેટરી કમિટી (FRC) દ્વારા અમદાવાદ સહિત રાજ્યની ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવામાં આવે છે. ફી મુદ્દે કેટલીક સ્કૂલો જે તે સમયે કોર્ટમાં ગઈ હતી, જેમાં સ્કૂલોનો એવો દાવો હતો કે, કોર્ટે ટર્મ ફી અને એડમિશન ફી લેવાની પરવાનગી આપી છે. એટલું જ નહીં, FRC દ્વારા પણ ફી નિયત કરતા ઓર્ડરમાં ટર્મ ફી અને એડમિશન ફી લેવાની છૂટ આપવામાં આવી હતી. હાઈકોર્ટના ચુકાદા સામે FRC તરફથી ગુજરાત સરકાર દ્વારા સુપ્રીમમાં સ્પેશિયલ લીવ પિટિશન કરવામાં આવી હતી. જેમાં સુપ્રીમ દ્વારા વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો કે, ખાનગી શાળાઓ ફી નિર્ધારણ સમિતિ દ્વારા નક્કી કરાયેલી ફીની રકમ કરતાં વધુ રકમની માગણી કરી શકશે નહીં.

સુપ્રીમના આ ચુકાદાથી રાજ્યના હજારો વાલીઓને મોટી રાહત મળવાની આશા બંધાઈ હતી. પરંતુ અમદાવાદ સહિત રાજ્યની મોટાભાગની ખાનગી સ્કૂલો હજુ નિયત ફી ઉપરાંત ટર્મ ફી અને એડમિશન ફી વાલીઓ પાસેથી વસૂલે છે. કારણ કે, જૂના ફી ઓર્ડરમાં તેનો ઉલ્લેખ કરેલો છે. એટલું જ નહીં, વાલીઓ વિરોધ કરે ત્યારે સંચાલકો એવો જવાબ આપે છે કે, ગુજરાતના શિક્ષણ વિભાગે ટર્મ ફી અને એડમિશન ફી લેવાની મનાઈ કરી હોય એવો કોઈ પરિપત્ર હોય તો લઈ આવો, જે આજદીન સુધી શિક્ષણ વિભાગે કર્યો જ નથી. આથી આ અસમંજસતા દુર થાય એ માટે અમદાવાદ ઝોનની FRCએ શિક્ષણ વિભાગને પત્ર પાઠવ્યો છે. જેમાં જણાવ્યુ છે કે, ખાનગી શાળાઓની ફી મુદ્દે ૨૯ જુલાઈ-૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા એક વચગાળાનો હુકમ પ્રકાશિત કરેલ છે. જેથી આ હુકમને વંચાણે લઈ શિક્ષણ વિભાગ દ્વારા એક પરિપત્ર જારી કરવામાં આવે.

ડેન્ટલમાં ફાળવેલા ૧,૨૧૯ પ્રવેશમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા ૭૮૨

# મેડિકલ અને ડેન્ટલમાં બીજા રાઉન્ડમાં નવા ૨,૨૩૪ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો

## MBBSમાં ૧,૬૦૦, BDSમાં ૮૧ વિદ્યાર્થીઓની બીજા રાઉન્ડમાં કોલેજ બદલાઈ

| અમદાવાદ |

મેડિકલ અને ડેન્ટલમાં બીજા રાઉન્ડમાં કુલ ૭,૮૫૧ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. બીજા રાઉન્ડની કાર્યવાહીમાં નવા ૨,૨૩૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો છે, જ્યારે ૧,૬૮૧ વિદ્યાર્થીઓને કોલેજ બદલાઈ છે. આમ બીજા રાઉન્ડની કાર્યવાહીમાં કુલ ૩,૯૧૫ વિદ્યાર્થીઓએ ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. ડેન્ટલ કોર્સમાં વિદ્યાર્થીઓની સરખામણીએ વિદ્યાર્થિનીઓની સંખ્યા વધારે જોવા મળે છે. આ વખતે કુલ ૧,૨૧૯ પ્રવેશમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા ૭૮૨ પ્રવેશ ફાળવ્યા છે.

MBBS અને BDSમાં પ્રવેશ માટે બીજા રાઉન્ડની ચોઈસ ફીલિંગની કાર્યવાહી તા.૧૮થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ હતી. આ દરમિયાન પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો હોય એવા ૧,૬૮૧ વિદ્યાર્થીઓએ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ચોઈસ આપી હતી. આથી આવા MBBSમાં ૧,૬૦૦ અને BDSમાં ૮૧ વિદ્યાર્થીના પ્રવેશની કોલેજ બદલાઈ છે. એ સિવાય પ્રથમ રાઉન્ડમાં કોલેજ એલોટ ન થઈ હોય એવા MBBSમાં ૧,૪૫૪ અને BDSમાં ૭૮૦ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આમ બીજા રાઉન્ડની એલોટમેન્ટની કાર્યવાહી દરમિયાન મેડિકલમાં ૬,૬૩૨ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે, જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩,૫૦૪ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા ૩,૧૮૨ નોંધાઈ છે. આવી જ રીતે ડેન્ટલમાં ૧,૨૧૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે, જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૩૭ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા ૭૮૨ નોધાઈ છે. બીજા રાઉન્ડમાં ફાળવેલ નવા પ્રવેશ તેમજ જે વિદ્યાર્થીઓને કોલેજ બદલાઈ છે એ મળી કુલ ૩,૯૧૫ વિદ્યાર્થીઓએ આગામી તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરી દેવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, ૪૯૮ વિદ્યાર્થીઓએ એવા છે કે, તેમના પ્રવેશમાં ઓછી ફી ભરાઈ હોવાથી તફાવતની બાકી રહેતી ફી પણ આ દરમિયાન ભરવાની રહેશે.

# રાજ્યમાં PMJAYમાં સાત વર્ષમાં રૂ. ૧૩,૯૪૬ કરોડની ચુકવણી

| અમદાવાદ |

પીએમ-જેએવાય યોજનાના સાત વર્ષ પૂર્ણ થવા ટાણે રાજ્યના મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (જી કેટેગરી)નો સોમવારે ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાયો છે, જેમાં યોજનાની એનોરોલમેન્ટ પ્રક્રિયા શરૂ કરાઈ છે, આ યોજનામાં હવેથી સરકારી અધિકારી- કર્મચારી અને તેમના પરિવારને ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનો લાભ મળશે. આ યોજનામાં રાજ્ય સરકારને વાર્ષિક ૩૦૩ કરોડ જેટલો ખર્ચ થશે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ સુધીમાં કુલ ૨.૯૨ લાખ લાભાર્થીઓ પાસે આયુષ્યમાન કાર્ડ પહોંચ્યા છે, જેમાં કુલ ૫૧.૨૭ લાખ દાવા માટે કુલ ૧૩,૯૪૬ કરોડની ક્લેઈમ ચુકવણી કરવામાં આવી છે.

ગુજરાતમાં આ યોજના અંતર્ગત કુલ ૨૭૦૮ હોસ્પિટલ સામેલ છે, જેમાં ૯૪૩ ખાનગી અને ૧૭૬૫ સરકારી હોસ્પિટલ છે અને ૨૪૭૧ પ્રોસિઝરનો લાભ આપવામાં આવે છે. યોજનાની માહિતી મેળવવા કે ફરિયાદ માટે ૦૭૯-૬૬૪૪૦૧૦૪ હેલ્પ લાઈન નંબર કાર્યરત કરાયો છે.

અત્યારે ૧૦૮ ઈમરજન્સી સેવામાં ૯૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે, જેમાં આજે નવી ૯૪ એમ્બ્યુલન્સનો વધારો થયો છે.


ફોર્મ એ
સાર્વજનિક જાહેરાત
(ઈન્સોલ્વન્સી એન્ડ બેંન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટેની ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૬ હેઠળ)
રાજેશ્વરી કોટસ્પિન લિમિટેડ
ના ક્રેડિટરોની જાણ માટે

| | સંબંધિત વિગતો | |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ દેવાદારનું નામ | રાજેશ્વરી કોટસ્પિન લિમિટેડ |
| ૨. | કોર્પોરેટ દેવાદારના ઇન્કોર્પોરેશનની તારીખ | ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૩ |
| ૩. | ઓથોરિટી જેની હેઠળ કોર્પોરેટ દેવાદાર ઇન્કોર્પોરેટેડ / રજિસ્ટર્ડ થયા છે તે | રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ |
| ૪. | કોર્પોરેટ દેવાદારનો કોર્પોરેટ આઈડેન્ટિટી નં. / લિમિટેડ લાયેબીલિટી આઇડેન્ટિફિકેશન નં. | U17200GJ2013PLC073545 |
| ૫. | કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર થયેલ ઓફિસનું સરનામું અને મુખ્ય ઓફિસ (જો હોય તો) | ૧. એ-૫, શિલ્પગ્રામ સિદ્ધિ બંગલોઝ, રાજભવન બંગલોઝ સામે, સૂર્યમ ફ્લોરા પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત, ભારત, ૩૮૨૩૫૦<br>૨. સર્વે નં. ૩૦૯, મુ. ધારીસણા ગામ, દહેગામ - રખિયાલ રોડ, તા. દહેગામ, જી. ગાંધીનગર ૩૮૨૩૧૫ |
| ૬. | કોર્પોરેટ દેવાદારની બાબતે ઇન્સોલ્વન્સી આરંભ તારીખ | ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ (તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫નો ઓર્ડર ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પોર્ટલ પરથી ઓનલાઇન ડાઉનલોડ કરવામાં આવેલ) |
| ૭. | ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ બંધ થવાની અંદાજિત તારીખ | ૧૬મી માર્ચ, ૨૦૨૬ |
| ૮. | વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કાર્યરત ઇન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને રજિસ્ટ્રેશન નંબર | સીએ માલવ જિતેન્દ્ર અજમેરા<br>રજિસ્ટ્રેશન નં.<br>IBBI/IPA-001/IP-P01190/2018-2019/11908 |
| ૯. | વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું બોર્ડ સાથે નોંધાયેલ સરનામું અને ઈ-મેલ | એ/૮, છઠ્ઠો માળ, સફલ પ્રોફિટેર, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫<br>ઈ-મેલ આઈડી : malav.ajmera@maassociates.co.in |
| ૧૦. | વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર કરવા માટેનું સરનામું અને ઈ-મેલ | એ/૮, છઠ્ઠો માળ, સફલ પ્રોફિટેર, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૧૫<br>ઈ-મેલ આઈડી: cirp.rajeshwaricotspin@gmail.com |
| ૧૧. | દાવા જમા કરવાની અંતિમ તારીખ | ૦૬ ઓક્ટોબર, ૨૦૨૫ |
| ૧૨. | ક્રેડિટરોનો વર્ગ, જો હોય તો, કલમ ૨૧ની પેટા-કલમ (૬એ)ની ક્લોઝ(બી) હેઠળ, વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા સુનિશ્ચિત કરાયેલ | લાગુ પડતુ નથી |
| ૧૩. | વર્ગમાં ક્રેડિટરોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માન્ય ઇન્સોલ્વન્સી પ્રોફેશનલ્સના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ) | લાગુ પડતુ નથી |
| ૧૪. | (એ) સંબંધિત ફોર્મ્સ અને<br>(બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે: | એ) https://ibbi.gov.in/uploads/downloads<br>બી) લાગુ પડતુ નથી |

આથી અહીં નોટિસ આપવામાં આવે છે કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યૂનલ, અમદાવાદએ રાજેશ્વરી કોટસ્પિન લિમિટેડની કોર્પોરેટ ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસની શરૂઆતનો હુકમ તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કરેલ છે.
આ રાજેશ્વરી કોટસ્પિન લિમિટેડના ક્રેડિટરોને, અહીં તેમના દાવાઓ પુરાવા સાથે ૦૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ સુધી અથવા તે પહેલા વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલના અ.નં. ૧૦ સામે દર્શાવેલ સરનામે જમા કરવા જણાવવામાં આવે છે.
નાણાકીય ક્રેડિટરોએ તેમના દાવાઓ પુરાવા સહિત માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમથી સબમિટ કરવા. તમામ અન્ય ક્રેડિટરોએ દાવાના પુરાવા રૂબરૂ, ટપાલ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમથી જમા કરાવી શકશે.
ખોટા પુરાવા અને ગેરમાર્ગે દોરનારા દાવાઓ દંડનીય ગણાશે.
તારીખ : ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫
સ્થળ : અમદાવાદ
આઇઆરપીનું નામ : સીએ માલવ જિતેન્દ્ર અજમેરા


# સેવન્થ ડે સ્કૂલમાં ૨૫મીથી ઓફલાઈન શિક્ષણ શરૂ થવાની શક્યતા, HCમાં ૨૪મીએ સુનાવણી

અમદાવાદ | મણિનગરની સેવન્થ ડે સ્કૂલમાં ૩૬ દિવસ બાદ આગામી ૨૫મી સપ્ટેમ્બરથી ઓફલાઈન શિક્ષણ શરૂ થવાની શક્યતાઓ છે. ડીઈઓ કચેરીના અધિકારીઓના જણાવ્યા મુજબ, વાલીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓની તપાસ કમિટી દ્વારા સુરક્ષા વ્યવસ્થા યોગ્ય હોવાનું મૌખિક જણાવ્યું છે. તપાસ કમિટી દ્વારા મંગળવારના રોજ લેખિત રિપોર્ટ રજૂ કરાશે. જેથી આગામી તા.૨૪મી સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટમાં સુનાવણી વખતે તમામ બાબતો રજૂ કરાશે. ઓફલાઈન શિક્ષણ અંગે હાઈકોર્ટના આદેશ બાદ નિર્ણય લેવાઈ શકે છે.

સેવન્થ ડે સ્કૂલમાં ૧૯ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખીને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ દરમિયાન, હાઈકોર્ટમાં પણ આ કેસ ચાલી રહ્યો હોવાથી સ્કૂલમાં પ્રત્યક્ષ શિક્ષણ મુદ્દે DEOએ બનાવેલી નિષ્ણાતોની કમિટીએ સમીક્ષા બાદ ભલામણ કરી હતી.


જાહેર ચેતવણી

આથી અમો ધવલ જયેશભાઈ ઠક્કર, રહેવાસી: ૯, સુરેજા બંગ્લોઝ, સારથી હોટલની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદનાંની આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૭ (ઓઢવ) ના મણીનગર તાલુકાના મોજે ગામ બાગે-ફીરદોસની સીમના સર્વે નંબર: ૨૫૪/૨ ની સમચોરસમીટર: ૪૯૮૬ ની જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર: ૫૦ (બાગેફીરદોસ ઈસ્ટ) માં થતા આપવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર: ૧૫૭ ની સમચોરસમીટર: ૩૬૪૧ ની વાણીજ્ય હેતુની બીનખેતીની જમીન ઉપર "સ્વસ્તિક મોલ" ના નામથી ઓળખાતી યોજના અન્વયે દર્શનાબેન રાજેશકુમાર ઠક્કર, ગુણવંતભાઈ ભુદરભાઈ ઠક્કર, ધર્મેશભાઈ ભુદરભાઈ ઠક્કર, ધવલ જયેશભાઈ ઠક્કર, શાલીનીબેન પ્રવિણભાઈ જૈન તથા મનીષભાઈ જીનેન્દ્રભાઈ જૈન એમ સર્વેએ રાજેશભાઈ હસમુખભાઈ ઠક્કરની તરફેણમાં એક જનરલ પાવર ઓફ એટોર્ની યાને કુલ મુખત્યારનામું તારીખ: ૧૨/૧૦/૨૦૧૧ ના રોજ નોટરીશ્રી બી.જે. નાયક સમક્ષ રૂબરૂ હાજર રહી સીરીયલ નંબર: ડી/૨૩૮/૨૦૧૧ થી નોટરાઈઝડ કરી આપેલ, જે જનરલ પાવર ઓફ એટોર્ની હાલ જીવંત અનેઅમલીય હોઈ તે પૈકી અમો ધવલ જયેશભાઈ ઠક્કરએ અમારા હિસ્સાની મીલકત પુરતો તેવો જનરલ પાવર ઓફ એટોર્ની રદ કરતુ એક ડેકલેરેશન તારીખ: ૦૨/૦૮/૨૦૨૫ ના રોજ નોટરીશ્રી જૈમીન બી. ત્રિવેદી સમક્ષ રૂબરૂ હાજર રહી તેમના સીરીયલ નંબર: ૨૯૦/વી-૨/૨૦૨૫ થી નોટરાઈઝ્ડ કરવામાં આવેલ, વધુમાં જણાવવાનું કે તારીખ: ૦૨/૦૮/૨૦૨૫ ના રોજથી અમો ધવલ જયેશભાઈ ઠક્કરએ તેવા જનરલ પાવર ઓફ એટોર્ની રદ કરી દિધેલ છે, અને તેવી મીલકત અંગે રાજેશભાઈ હસમુખભાઈ ઠક્કર સાથે કોઈપણ વ્યક્તિ, શખ્સ, સંસ્થાએ કોઈપણ પ્રકારએ કોઈપણ જાતના નાણાંકીય કે બિનનાણાંકીય વ્યવહારો કરવા કરાવવા નહી અન્યથા તેઓના નાણાં બરબાદ જશે, અને કોઈને કોઈપણ પ્રકારનો હક્ક અધિકાર પ્રાપ્ત થશે નહી, અને કસુરવાર સામે દિવાની તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરવાની અમો ધવલ જયેશભાઈ ઠક્કરને ફરજ પડશે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને સ્પષ્ટ ચેતવણી આપવાની કે ધવલ જયેશભાઈ ઠક્કરના હક્ક અધિકારો વિરુધ્ધ કોઈ કૃત્ય કરવું-કરાવવું નહીં. જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ: ૨૦/૦૭/૨૦૨૫

ધવલ જયેશભાઈ ઠક્કર
ઠેકાણું: ૯, સુરેજા બંગ્લોઝ, સારથી હોટલની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદનાં. (મો.) ૭૦૪૧૨૩૪૫૬૭.


અમદાવાદ ૨૪મા ક્રમે: 'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો'

# AQI સુધારવા મળેલી ૮૧ કરોડની ગ્રાન્ટ પૈકી ૧૮ કરોડ અન્યને ફાળવાયાનો આક્ષેપ

## વર્ષ ૨૦૧૯-૨૦માં શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૪૯ હતો, હાલ AQI ૩૪૫

| અમદાવાદ |

અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) સુધારવા તેમજ નાગરિકોને શુદ્ધ હવા પૂરી પાડવા હેતુસર કેન્દ્ર સરકારના નેશનલ ક્લિન એર પ્રોગ્રામ અંતર્ગત AMCને રૂ. ૮૧ કરોડની ગ્રાન્ટ મળી છે. AMCને મળેલી રૂ. ૮૧ કરોડની ગ્રાન્ટ પૈકી રૂ.૧૮ કરોડ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, કલોલ, સાણંદ, બાવળા નગરપાલિકાઓ તથા અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડની હવાની ગુણવત્તા સુધારવા માટે ફાળવવામાં આવી દેવાયાનો વિપક્ષી નેતાએ આક્ષેપ કર્યો છે. આમ 'ઘરનો છોકરો ઘંટી ચાટે ને પાડોશીને આટો' જેવો ઘાટ સર્જાયો છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૦-૨૧થી ૨૦૨૫-૨૬ દરમિયાન છેલ્લાં ૬ વર્ષમાં AMCને રૂ. ૫૪૮.૯૧ કરોડ હવાની ગુણવત્તા સુધારવા માટે મળ્યા છે. વિપક્ષી નેતાએ જણાવ્યું છે કે, ૨૦૨૪-૨૫ના વર્ષમાં AMCને રૂ. ૧૯૨.૬૮ કરોડની ગ્રાન્ટ મળી છે અને તે પૈકી લગભગ ૫૦ ટકા રકમ એટલેકે રૂ. ૯૬.૬૮ રોડ રિસર્ફેસ, વોલ ટુ વોટ રોડ બનાવવા, ફુટપાથ બનાવવા માટે ફાળવી દેવામાં આવી હતી.


यूनियन बैंक Union Bank of India
ઝોનલ ઓફિસ, ગાંધીનગર
ગિફ્ટ વન ટાવર, ૧૨મો માળ, યુનિટ નં. ૦૪, ગિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૩૫૫
ઈમેલ આઈડી: pnd.gandhinagar@unionbankofindia.bank
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, અગ્રણી રાષ્ટ્રીયકૃત બેંક, ગાંધીનગર ઝોનમાં નોન સિક્યુરિટી આઈટમ્સના મુદ્રણ માટે ૨ વર્ષ માટે પ્રિન્ટરોની યાદી બનાવવા ઈચ્છે છે. વધુ વિગતો માટે મહેરબાની કરીને અમારી બેંકની વેબસાઇટ www.unionbankofindia.co.in અને એનઆઈસી પોર્ટલ https://eprocure.gov.in જુઓ
ડેપ્યુટી ઝોનલ પ્રમુખ


### ડોલરમાં નફાની લાલચ આપી છ લાખ પડાવી લીધા

| અમદાવાદ |

નિકોલ ખાતે રહેતાં અને ખાનગી કંપનીમાં લોન ડીપાર્ટમેન્ટના સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા જીગ્નેશ કાલરીયાએ ૫.૯૩ની મત્તાના સાયબર ફ્રોડ અંગે ફરિયાદ કરી છે. ફરિયાદીને રોકાણ સામે નફાની લાલચ આપી તેમજ નફો થાય તો ૮૦ ટકા તમારા અને ૨૦ ટકા અમારા તેમ કહી ફસાવેલા. ફરિયાદી રોકાણ કરવા સહમત થયા બાદ આરોપીઓએ સો ડોલર જેટલો નફો તેમના ખાતામાં જમા કરાવ્યો હતો. આ રીતે વિશ્વાસ કેળવી ફરિયાદી પાસે આરોપીઓએ વધુ રકમ ભરાવી કુલ રૂ.૫,૯૩,૭૦૨ની રકમ તેમજ નફાની રકમ ફરિયાદીને વિડ્રો કરવા દીધી ન હતી.

### વ્હેલની ઊલટી નહીં કોલસો નીકળ્યો, આરોપીને જામીન

સુરત : એસઓજી પોલીસે બે દિવસ પહેલાં વહેલ માછલીની ઊલટીને વેચવા માટે નીકળેલા ભાવનગરના ખેડૂતની ધરપકડ કરી હતી. જો કે, તે વહેલની ઊલટી નહીં પરંતુ લિગ્નાઈટ કોલસો હોવાની દલીલો કરાતા કોર્ટમાં હાજર સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. કોર્ટે આરોપીને જામીન મુક્ત કરતો હુકમ કર્યો હતો. એસઓજીએ એમ્બરગ્રીસની બાતમીના આધારે વિપુલ ભૂપત બાંભણિયાને પકડી પ્લાસ્ટિકની બેગ ચેક કરતાં પોલીસે તેમાં પાંચ કિલો જેટલી એમ્બરગ્રીસ હોવાનું માની લઈ તેની ધરપકડ કરી લીધી હતી. પરંતુ કોર્ટમાં વકીલે આ એમ્બરગ્રીસ નહીં પણ લિગ્નાઈટ કોલસો હોવાનું કહેતાં પોલીસ ભોંઠી પડી ગઈ હતી.

